ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપનાઃ૧૮૬૩

# પંચમહાલ-દાહોદ



### ટેક્સ વસુલાતમાં ગેરરીતિ મામલે હાલોલ પોલીસમાં ફરિયાદ નોંધાઈ

## હાલોલ પાલિકાના સિટી સિવિક સેન્ટરમાં રૂ. 2.75 લાખની ઉચાપતનો આક્ષેપ

**આંતરિક તપાસમાં ગેરરીતિ બહાર આવી**




(પ્રતિનિધિ) હાલોલ, તા.26
હાલોલ નગરપાલિકા સંચાલિત સિટી સિવિક સેન્ટર (CTC) ખાતે ટેક્સ વસુલાત દરમિયાન રૂ. 2 લાખથી વધુની ઉચાપત થઈ હોવાનો ગંભીર આક્ષેપ સામે આવ્યો છે. આ મામલે નગરપાલિકાના ટેક્સ વિભાગમાં ફરજ બજાવતા હિતેશભાઈ મહેતા દ્વારા હાલોલ ટાઉન પોલીસ મથકે સત્તાવાર ફરિયાદ નોંધાવવા અરજી કરવામાં આવી છે. મળતી માહિતી મુજબ, હાલોલ નગરપાલિકા દ્વારા શહેરના વિવિધ વેરા ઈ-નગર સેન્ટર મારફતે વસૂલવામાં આવે છે. આ ઈ-નગર સેન્ટરની કામગીરી ગુજરાત સરકારના ડેવલોપમેન્ટ મિશન દ્વારા નિયુક્ત એજન્સી સિલ્વર ટચ ટેકનોલોજી લિમિટેડ, અમદાવાદ દ્વારા સંચાલિત થાય છે.ફરિયાદ મુજબ, ઈ-નગર સેન્ટરના કેટલાક કર્મચારીઓ દ્વારા વેરાની રકમ વસૂલ્યા બાદ નાગરિકોને કાયદેસર પાવતી આપવામાં આવતી હતી, પરંતુ દિવસના અંતે નગરપાલિકાની હિસાબી શાખામાં રકમ જમા કરાવતાં પહેલા કેટલીક પાવતીઓ કોમ્પ્યુટર સિસ્ટમમાંથી ડીલીટ કરવામાં આવતી હતી.

આ રીતે ડીલીટ કરાયેલ પાવતીઓની રકમ સરકારી ખાતામાં જમા કરાવવાને બદલે પોતે જ રાખવામાં આવતી હોવાનો ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો છે. નગરપાલિકાની આંતરિક તપાસ દરમિયાન આ ગેરરીતિ પ્રકાશમાં આવી હોવાનું જાણવા મળે છે. પ્રાથમિક તપાસમાં રૂ. 2,75,000 જેટલી રકમની ઉચાપત થયાનું સામે આવતા મામલો ગંભીર બન્યો છે. આ બનાવ બહાર આવતા સંકળાયેલા કર્મચારીઓ તેમજ સંચાલક કંપની સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવાની લોકમાંગ ઉઠી છે. હાલોલ નગરપાલિકાના જણાવ્યા મુજબ સમગ્ર ઘટનાને ધ્યાનમાં લઈ ચીફ ઓફિસર દ્વારા સત્તાવાર રીતે પોલીસ ફરિયાદ નોંધાવાની પરવાનગી આપવામાં આવી છે.

### શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીમાં ખાસ વાર્તાલાપ

## 'ધી ગુજરાત પબ્લિક યુનિ. યુનિફોર્મ સ્ટેચ્યુટ્સ-2024ના અમલીકરણ અંગે બેઠક યોજાઈ



(પ્રતિનિધિ) ગોધરા, તા.27
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, વિંઝોલ ખાતે 'ધી ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ યુનિફોર્મ સ્ટેચ્યુટ્સ-૨૦૨૪' માં સુધારા અને તેના અસરકારક અમલીકરણ માટે જરૂરી સૂચનો મેળવવાના હેતુથી તાજેતરમાં એક ઉચ્ચસ્તરીય બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.આ બેઠક યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો. હરિભાઈ કાતરીયાના અધ્યક્ષસ્થાને અને તેમના સીધા માર્ગદર્શન હેઠળ યોજાઈ હતી. આ બેઠકમાં NEP-2020નું અમલીકરણઃ નેશનલ એજ્યુકેશન પોલીસી (NEP-2020) ના માપદંડો અનુસાર પબ્લિક યુનિવર્સિટીઓમાં કાનૂની અને શૈક્ષણિક સુધારાઓ લાવવા અંગે ગહન ચર્ચા કરવામાં આવી હતી. તદુપરાંત શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીઓની ભરતી પ્રક્રિયા તથા તેને લગતા નીતિ-નિયમો અંગે વિસ્તૃત પરામર્શ કરવામાં આવ્યો હતો. કુલપતિશ્રીએ આ પ્રકારની ઉચ્ચ સ્તરીય 'સ્ટેચ્યુટ એડવાઈઝરી કમિટી'ની રચના કરવા બદલ રાજ્ય સરકારનો વિશેષ આભાર માન્યો હતો.

### કાલોલમાં હિંદુ એકતા અને સમરસતાનો મહાસંગમ

## કાલોલના મહાલક્ષ્મી ચોક ખાતે વિરાટ હિન્દુ સંમેલન યોજાયું

**કાલોલ ધર્મની નગરી છે" - અભિષેકલાલજી મહારાજ**



(પ્રતિનિધિ) કાલોલ, તા.27
ભારતભરમાં હિંદુ સમાજની એકતા મજબૂત થાય અને સમાજમાં સમરસતાના ભાવ જાગે તે હેતુસર વિવિધ સ્થળોએ હિન્દુ સંમેલનો યોજાઈ રહ્યા છે. એ જ શ્રેણીમાં બુધવારે કાલોલના મહાલક્ષ્મી ચોક ખાતે વિરાટ હિન્દુ સંમેલન ભવ્ય રીતે યોજાયું હતું. આ સંમેલનમાં કાલોલ ગોવર્ધનનાથજી મંદિરના ગાદીપતિ પુ.પા.ગો.108 શ્રી અભિષેકલાલજી મહારાજ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય વક્તા તરીકે સનાતન હિન્દુ અને સાંસ્કૃતિક વક્તા મીનાક્ષીબેન સેરહાવત (હરિયાણા) તેમજ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ધનંજય ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા.

સાંજે 6:00 કલાકે પ્રયાગરાજ ચોક રામજી મંદિર અને મોટા મંદિરથી બેન્ડ-વાજા સાથે કળશ યાત્રા નીકળી હતી, જે મહાલક્ષ્મી ચોક ખાતે આવી પૂર્ણ થઈ. શોભાયાત્રામાસાંસદ રાજપાલસિંહ જાદવ, ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ,

મંડળ પ્રમુખ મહિદિપસિંહ ગોહિલ, મહામંત્રી નરેન્દ્રસિંહ ગોહિલ,શહેર પ્રમુખ કલ્પેશભાઈ પારેખ, મહિલા મોરચાના શૈફાલી ઉપાધ્યાય, તાલુકા પંચાયત પ્રમુખ સવિતાબેન રાઠવા, કોર્પોરેટરો, ભાજપના આગેવાનો,આરએસએસ તથા વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકરો હાજર રહ્યા હતા. મોટી સંખ્યામાં હિંદુ સમાજ એકત્ર થયો હતો. "જય શ્રી રામ" અને "ભારત માતા કી જય"ના જયઘોષ સાથે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું અને મહેમાનોનું ભવ્ય સ્વાગત કરાયું.

### ફતેપુરામાં દુકાન સામે બાઇક પાર્ક કરતા બોલાચાલી થઇ

## સામાન્ય બોલાચાલી થયેલી મારામારી બાદ 55 વર્ષીય આધેડનું મોત

(પ્રતિનિધિ) સુખસર, તા.26
ફતેપુરા તાલુકાના મુખ્ય મથક ફતેપુરા ખાતે બલૈયા ક્રોસિંગ ચોકડી પાસે ગતરોજ બપોરના એકજ પરિવારના બે દુકાનદારો વચ્ચે ગ્રાહક દ્વારા પાર્ક કરવામાં આવેલ મોટરસાયકલ બાબતે બોલાચાલી થતા બે પક્ષો વચ્ચે ઉગ્રરૂપ ધારણ કરતા મારામારી થઈ હતી.જેમાં મારામારી બાદ એક વ્યક્તિને છાતીમાં દુઃખાવો થતા તાત્કાલિક ફતેપુરા ખાનગી દવાખાના બાદ સરકારી દવાખાનામાં સારવાર માટે લઈ જવામાં આવેલ ત્યારે ફરજ ઉપરના તબીબ દ્વારા મૃત જાહેર કરવામાં આવતા ફતેપુરા ગામમાં ચકચાર મચી જવા પામી હતી.લાશને ફોરેન્સિક પી.એમ માટે દાહોદ ઝાયડસ હોસ્પિટલ ખાતે ખસેડી મારામારીમાં સંડોવાયેલા બાપ-બેટાની પોલીસે ધરપકડ કરી છે.જ્યારે એક મહિલા ફરાર હોવાનું જાણવા મળે છે. ત્રણ આરોપીઓએ એકબીજાની મદદ ગારી કરી ઝઘડો કરેલ હોય મુકેશભાઈ અગ્રવાલને છાતીના ભાગે દુઃખાવો થતાં તાત્કાલિક ફતેપુરા માવતર હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા.જ્યાં ફતેપુરા સરકારી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જતા ફરજ ઉપરના ડોક્ટરે મુકેશભાઈ અગ્રવાલને મરણ ગયેલ જાહેર કર્યા હતા.ત્યારે મૃતકના પરિવારે મૃતકને છાતીમાં ગંભીર માર માર મારવાના કારણે મોત નીપજ્યું હોવાનો આક્ષેપ કરી રહ્યા છે.

## ગોધરામાં તલાટીની બોગસ સહી-સિક્કા કરી મરણનું ખોટું પ્રમાણપત્ર બનાવનાર મહિલા સામે ફરિયાદ

(પ્રતિનિધિ) ગોધરા, તા.26
ગોધરા તાલુકાના વણાંકપુર ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રીની ખોટી સહી અને પંચાયતના બોગસ સિક્કાનો ઉપયોગ કરી મરણનું ખોટું પ્રમાણપત્ર ઊભું કરવાના ગંભીર મામલે ગોધરા તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે. આ અંગેની વિગત મુજબ, દરૂણીયા ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા અને વણાંકપુર-૦૧નો વધારાનો ચાર્જ સંભાળતા તલાટી તુષારકુમાર રણછોડભાઈ સોલંકીએ કાલોલ તાલુકાના સુરેલી ગામના વતની ગંગાબેન ભારતસિંહ પટેલ વિરુદ્ધ આ કાયદેસરની ફરિયાદ નોંધાવી છે. આ પ્રમાણપત્ર તા. ૦૯/૦૮/૨૦૨૩ ના રોજ વણાંકપુર ગ્રામ પંચાયતમાંથી ઈસ્યુ થયાનું દર્શાવવામાં આવ્યું હતું, જેના પર તલાટીનો ગોળ સિક્કો અને સહી કરવામાં આવ્યા હતા. જોકે, તલાટી દ્વારા કરવામાં આવેલી તપાસમાં બહાર આવ્યું હતું કે પંચાયતના રેકોર્ડ પર જન્મ-મરણનું રજીસ્ટર ઉપલબ્ધ જ નથી અને આવું કોઈ પ્રમાણપત્ર ક્યારેય ઈસ્યુ કરવામાં આવ્યું નથી. કોઈ અકળ રીતે પંચાયતના નામે બોગસ સિક્કો બનાવી સરકારી દસ્તાવેજ સાથે છેડછાડ કરી કલેક્ટર કચેરીને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ મામલે તાલુકા વિકાસ અધિકારી ગોધરા દ્વારા હકીકતલક્ષી અહેવાલ મંગાવ્યા બાદ, ઉચ્ચ અધિકારીઓના આદેશાનુસાર ગોધરા તાલુકા પોલીસ મથકે ગુનો નોંધવામાં આવ્યો છે.

### દાહોદ શહેર જિલ્લામાં રહેતા માળી સમાજ દ્વારા કલેક્ટરને આવેદન

## મહાત્મા જ્યોતિરાવ ફૂલે અને સાવિત્રીબાઈ ફૂલેને ભારત રત્ન આપવાની માંગ કરાઈ



(પ્રતિનિધિ) દાહોદ, તા.26
મહાત્મા જ્યોતિરાવ ફૂલે અને સાવિત્રીબાઈ ફૂલે એક એવું વ્યક્તિત્વ કે જેમને પોતાનું સમગ્ર જીવન પછાત, દબાયેલા, કચડાયેલા વર્ગને યોગ્ય સ્થાન અને ન્યાય અપાવવા માટે ન્યોછાવર કરી દીધું અને તેમની ઉન્નતી અને પ્રગતિ માટે સમગ્ર જીવન ખર્ચી નાખ્યું. ભારત દેશના બંધારણના ઘડવૈયા એવા મહામાનવ વિશ્વ વિભૂતિ ડો. બાબાસાહેબ આંબેડકરે મહાત્મા જ્યોતિરાવ ફૂલેને પોતાના ગુરુ માન્યા હતા. માતા સાવિત્રીબાઈ ફૂલે તેજસ્વી, જેમને મહિલાઓ દ્વારા વિદ્યાની દેવી તરીકે નવાજેલ. મહાત્મા જ્યોતિરાવ ફૂલે દ્વારા પોતાની પત્ની સાવિત્રીબાઈને શિક્ષિત બનાવી અને સાવિત્રીબાઈ ફૂલે અખંડ ભારતના પ્રથમ મહિલા શિક્ષિકા બન્યા અને તેઓએ મહિલાઓને ભણાવવા માટે પ્રથમ મહિલા સ્કૂલ ખોલી અને સમય જતાં મહિલાઓ માટે બીજી ૧૭ સ્કૂલો ચાલું કરી. માતા સાવિત્રીબાઈ ફૂલે કવિયત્રી હતા અને તેમને કાવ્ય ફૂલે નામનો પ્રથમ કાવ્યસંગ્રહ પ્રકાશિત કરેલો. મહાત્મા જ્યોતિરાવ ફૂલે અને સાવિત્રીબાઈ ફૂલેએ પોતાના જીવનમાં અસંખ્ય મુશ્કેલીઓ વેઠી મહિલાઓને શિક્ષણ અપાવવા માટે અને મહિલાઓને પોતાના પગભર થવા માટે ખૂબ જ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું.

## કાલોલ ખાતે ફેમીલી કોર્ટ શરૂ કરવા કાલોલ વકીલ મંડળની ડિસ્ટ્રીક જજ સમક્ષ રજુઆત

**કાલોલ તાલુકાની ખાધાખોરાકી તેમજ પરચુરણ અરજીઓ લગભગ ૬૦૦ જેટલી ચાલે છે**

(પ્રતિનિધિ) કાલોલ, તા.27
કાલોલ ખાતે હાલમાં નવુ કોર્ટ બિલ્ડિંગ બનાવવામાં આવ્યું છે જેમાં બે કોર્ટ કાર્યરત છે બે કોર્ટ ખાલી છે. હાલમા ફેમિલી કોર્ટ હાલોલ ખાતે કાર્યરત છે જેમાં કાલોલ તાલુકાની ખાધાખોરાકી તેમજ પરચુરણ અરજીઓ લગભગ ૬૦૦ જેટલી ચાલે છે. હાલોલ ફેમીલી કોર્ટમા ચાલતી કુલ ચાર તાલુકાની ફેમીલી મેટરમા કુલ ૫૦ ટકા થી વધુ કાલોલ તાલુકાની મેટર હોય છે. કાલોલ કોર્ટમાં ફેમીલી કોર્ટ માટે પૂરતી સગવડ અને વ્યવસ્થા છે તેમ છતાં પણ પક્ષકારોને તેમના ઘરેથી લાંબુ અંતર કાપી, વકીલો ને પણ ૨૧ કિલોમીટર દૂર પાવાગઢ રોડ ઉપર હાલોલ કોર્ટ માં જવું પડે છે જેથી પક્ષકારોની સગવડતા અને સુગમતા જળવાય તે માટે કાલોલ ખાતે ફેમિલી કોર્ટ શરૂ કરવા પંચમહાલ જીલ્લા મુખ્ય ન્યાયાધીશને લેખીત રજૂઆત કાલોલ બાર એસોસિએશન વતી કાલોલ વકીલ મંડળના પ્રમુખ હિરેનભાઇ ગોહિલે કરેલ છે જેની નકલ ગુજરાત હાઈકોર્ટ અને કાયદા વિભાગને પણ મોકલી આપવામાં આવી છે.

# પંચમહાલ-દાહોદ જિલ્લામાં ધો.10-12 બોર્ડની પરીક્ષાનો રંગચંગે પ્રારંભ

## વિવિધ શાળાઓમાં વિદ્યાર્થીઓને તિલક લગાવી, ફૂલ આપી આવકારાયા

ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વવારા આજે સમગ્ર રાજ્ય માં ધોરણ 10 અને ધોરણ 12 ની પરીક્ષા નો શાંતિપૂર્ણ માહોલમાં આરંભ થયો છે. જેના અનુસંધાને પંચમહાલ-દાહોદ જિલ્લામાં તમામ સેન્ટરો ઉપર વિવિધ સ્કુલોમાં જયાં ધો.10-12ના પરીક્ષા કેન્દ્રોની ફાળવણી કરાવમાં આવી જયાં ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો અને વાલીઓ પતાના બાળકો મૂકવા આવતા હોવાથી પરીક્ષાર્થીઓનુ કુમકુમ તિલક કરી ફૂલ આપી તેમને આવકારાયા હતા. આજે ધોરણ 10 ની આજે સવારે 10.00 કલાકે પરીક્ષા શરુ થવાની હોવાથી વિદ્યાર્થીઓ તેમજ વાલીઓ સવાર ના 9.00 કલાકે પોતાના પરીક્ષાકેન્દ્ર ઉપર આવી ગયા હતા. આજથી શરુ થયેલ ધોરણ 10 અને 12 ની પરીક્ષાનો આરંભ થતા વિદ્યાર્થીઓ માં ભારે ઉત્સાહ જોવા માંડ્યો હતો. ત્યારે બીજી તરફ કોઇપ્રકારની ગેરરિતી કે કોઇ અણબનાવ ન બને તેમાટે પોલીસ પ્રશાસન પણ ખડેપગે તૈનાત કરી દેવામાં આવયુ હતુ. આમ પ્રથમ દિવસે જુદું જુદી સંસ્થાના તેમજ રાજકીય આગેવાનો વિદ્યાર્થીઓ ને પ્રોત્સાહિત કરવા કુમકુમ તિલક કરી ગુલાબ નું ફૂલ ચોકલેટ આપી ઉષ્માભર્યું સ્વાગત કરવામાં હતું.

### હાલોલના વિવિધ સેન્ટરો ઉપર ધો.10 અને 12ની પરીક્ષાનો આરંભ



**હાલોલ :** આજથી શરુ થયેલ ધોરણ 10 અને 12 ની પરીક્ષાનો આરંભ થતા વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સાહ જોવા માંડ્યો હતો. પંચમહાલ જીલ્લાના હાલોલ ઝોન માં ધોરણ 10 ની પરીક્ષા માટે હાલોલમાં પરીક્ષા કેન્દ્રો ઉપરાંત હાલોલ તાલુકાના રમેશરા, શિવરાજપુર, તરખંડા તેમજ જાંબુઘોડા અને ઘોઘમ્બા ના ત્રણ કેન્દ્રો ખાતે તેમજ ઝોન માં આવતા કાલોલ તેમજ વેજલપુર ના કેન્દ્રો સહીત 37 કેન્દ્ર માં 26 બિલ્ડીંગ માં આજે પરીક્ષા યોજાય હતી જેમાં આજે ગુરુવાર ના રોજ પ્રથમ ભાષા ના કુલ 10873 વિદ્યાર્થીઓ પૈકી ગુજરાતી વિષયમાં કુલ 10304 વિદ્યાર્થીમાં 339 વિદ્યાર્થી ગેરહાજર રહી 9965 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.

### ગોધરા શહેર-તાલુકામાં બોર્ડની પરીક્ષાના વિદ્યાર્થીઓને તિલક કરી આવકારાયા



**ગોધરા :** પંચમહાલ જિલ્લામાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષાઓનો અત્યંત ઉત્સાહભેર અને શિસ્તબદ્ધ માહોલમાં પ્રારંભ થયો છે. જેમાં પરીક્ષાના પ્રથમ દિવસે ગોધરા સહિત જિલ્લાના તમામ પરીક્ષા કેન્દ્રો પર એક અનોખો નજારો જોવા મળ્યો હતો જ્યાં શિક્ષણ વિભાગ અને શાળા સંચાલકો દ્વારા પરીક્ષાર્થીઓને કુમકુમ તિલક કરી અને મો મીઠું કરાવીને પરીક્ષા ખંડમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. આ ઉષ્માભર્યા સ્વાગતને કારણે વિદ્યાર્થીઓમાં પરીક્ષાનો ડર ઓછો થયો હતો અને તેઓ આત્મવિશ્વાસ સાથે પરીક્ષા આપતા નજરે પડ્યા હતા.

### કાલોલમાં ધોરણ 10ની પરીક્ષા, MGS અને સી.બી. ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે ફૂલ-સાકરથી પરીક્ષાર્થીઓનું સ્વાગત



**કાલોલ :** સમગ્ર રાજયમાં આજથી ધો.-10-12ની પરીક્ષાનો પ્રારંભ થયો છે ત્યારે વિવિધ સ્થળોએ પરીક્ષા કેન્દ્રો પર વિદ્યાર્થીઓની સઘન તપાસ બાદ પ્રાયશ્ચિત પેટી મુકવામાં આવી હતી, જેમાં જરૂરી ચીજવસ્તુઓ સિવાયની વધારાની વસ્તુઓ રાખી વિદ્યાર્થીઓને પરીક્ષા કેન્દ્રમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. પ્રથમ દિવસે પરીક્ષા ખંડમાં વિદ્યાર્થીઓ ખુશખુશાલ અને આત્મવિશ્વાસભર્યા માહોલમાં પ્રવેશ કરતા જોવા મળ્યા હતા. કાલોલ પોલીસ દ્વારા બંને પરીક્ષા કેન્દ્રો પર ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવી સુરક્ષા વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી છે.

### દાહોદ શહેર-જિલ્લામાં વિવિધ સેન્ટરો પર ધો.10-12 ની પરીક્ષાનો રંગેચંગે પ્રારંભ



**દાહોદ :** ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા આયોજિત ધોરણ-10 (SSC) અને ધોરણ-12 (HSC)ની વાર્ષિક બોર્ડ પરીક્ષાનો આજથી દાહોદ જિલ્લામાં શાંતિપૂર્ણ અને પારદર્શક માહોલમાં પ્રારંભ થયો છે. જિલ્લા કલેક્ટર યોગેશ નિરગુડે અને જિલ્લા શિક્ષણ અધિકારી એસ.એલ. દામાના માર્ગદર્શન હેઠળ સમગ્ર વહીવટી તંત્ર દ્વારા સજ્જડ આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષે જિલ્લામાં કુલ 62,236 વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા છે પરીક્ષાના પ્રથમ દિવસે દરેક કેન્દ્ર પર વિદ્યાર્થીઓનું કુમકુમ તિલક અને ગુલાબના ફૂલથી ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

### ધો.10-12 બોર્ડ પરીક્ષાનો આજથી પ્રારંભ, જાંબુઘોડાના વિવિધ સેન્ટરો પર વિદ્યાર્થીઓને મોં મીઠુ કરાવાયું



**જાંબુઘોડા :** જાંબુઘોડામાં આવેલ ધી સેકેન્ડરી હાઈસ્કુલ, રામપુરા ખાતે આવેલ મોડલ સ્કૂલ અને ઝંડ હનુમાન રોડ ઉપર આવેલી ફ્યુચર લિંક સાયન્સ સ્કૂલ ખાતે પરીક્ષા આપવા માટે આવેલા તમામ વિદ્યાર્થીઓને જીલ્લા ભાજપ પ્રમુખ મયંક કુમાર દેસાઈ સહિત ના આગેવાનો એ પરીક્ષાર્થી ઓ નું કંકુ તિલક કરી અને મોઢું મીઠું કરાવી સ્વાગત કરવામાં આવ્યું હતું શાળાના શિક્ષકો અને સ્ટાફ દ્વારા વિદ્યાર્થી ઓ ને આત્મવિશ્વાસ સાથે પરીક્ષા આપવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા તેમજ પરીક્ષા કેન્દ્રો ઉપર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો અને દરેક પરીક્ષા કેન્દ્ર ઉપર ધોરણ 10 અને ધોરણ 12 ના વિદ્યાર્થીઓએ શાંતિપૂર્ણ માહોલમાં બોર્ડની પરીક્ષા આપી હતી,,,

### સિંગવડ તાલુકામાં ધો.10ના 6 કેન્દ્ર અને ધોરણ 12ના 1 કેન્દ્ર પર બોર્ડની પરીક્ષા શરૂ



**સિંગવડ :** સિંગવડ તાલુકાના ધોરણ 10 ના 6 કેન્દ્ર ઉપર અને ધોરણ 12 ના 1 કેન્દ્ર પર આજથી બોર્ડની પરીક્ષા શરૂ થઈ હતી. જેમાં સિંગવડ તાલુકાના સીંગવડ દાસા અને ચુંદડી ખાતે ગુજરાતી ના પ્રથમ પેપરના દિવસે શાંતિપૂર્ણ માહોલમાં બોર્ડની પરીક્ષા શરૂ કરવામાં આવી જેમાં જી એલ શેઠ હાઈસ્કૂલ ખાતે ધોરણ 10 ના 425 જેટલા વિદ્યાર્થીઓ દ્વારા પરીક્ષા આપવામાં આવી હતી જેમાં 25 જેટલા વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા જ્યારે ગર્લ્સ હાઈસ્કુલ સિંગવડ ખાતે 235 જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપી હતી જેમાં 10 જેટલા વિદ્યાર્થીઓ ગેરહાજર જણાયા હતા.

### શ્રી હસ્તેશ્વર સ્કૂલ લીમખેડા ખાતે વિજ્ઞાન દિવસની ઉજવણી કરાઇ



**લીમખેડા :** ભારતમાં દર વર્ષે 28 ફેબ્રુઆરીએ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ઉજવવામાં આવે છે. 28 ફેબ્રુઆરી 1928 ના રોજ ભારતીય ભૌતિકશાસ્ત્રી સર સી.વી. રમન દ્વારા રમન ઇફેક્ટની શોધને ચિહ્નિત કરે છે. આ સિદ્ધિને માન આપવા અને વૈજ્ઞાનિક જાગૃતિને પ્રોત્સાહન આપવા માટે, ભારત સરકારે 1986 માં 28 ફેબ્રુઆરીને રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ તરીકે જાહેર કર્યો.જે અનુસંધાને શ્રી હસ્તેશ્વર સ્કૂલ વિજ્ઞાન મેળા નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં બાળકોએ વિવિધ મોડ્યુલ રજૂ કર્યા હતા જેમાં પવન ચક્કી થી લઈને ટ્રાફિક કંટ્રોલ , જળ શુદ્ધિકરણ,હવા પ્રદૂષણો અટકાવવા સહિતના વિવિધ મોડ્યુલો રજૂ કર્યા હતા.

### પરમારના ખાખરીયા પ્રાથમિક શાળા ખાતે શાળા સ્થાપના દિવસ તથા વાર્ષિકોત્સવ ઉજવાયો



**લીમખેડા :** લીમખેડા તાલુકાના અગારા(ઉ) પગારકેન્દ્રમાં આવેલી પરમારના ખાખરીયા પ્રાથમિક શાળા ખાતે શાળા સ્થાપના દિવસ તથા વાર્ષિકોત્સવ કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી. શાળાના 72માં સ્થાપના દિવસ નિમિતે તા-25/02/2023ને બુધવારના રોજ યોજેયેલ કાર્યક્રમમા મુખ્ય મહેમાન તરીકે CRC.Co.ઓર્ડીનેટર જશુભાઈ બામણીયા ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમની શરૂઆતમાં મહેમાનોના હસ્તે દીપ પ્રાગટ્ય કરી અને કેક કાપીને શાળા સ્થાપના દિવસની શાનદાર રીતે ઉજવણી કરવામાં આવી હતી.